# મેયર મહેન્દ્રસિંહ રાણા સાયકલ પર મનપા કચેરીએ પહોંચ્યા

## મનપા કાર્યાલય ખાતે મેયરને ગુડાના ચેરમેન આશિષ દવે અને અધિકારીઓએ આવકાર્યા



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા આજે સાયકલ ચલાવી અને ગાંધીનગર કોર્પોરેશનની તેમની કચેરી પર પહોંચ્યા હતા. તાજેતરમાં વડાપ્રધાનશ્રી મોદીએ સપ્તાહમાં ઓછામાં ઓછી એક દિવસ સાયકલ ચલાવવાની કરેલી અપીલને માન આપી આજે મેયર શ્રી રાણા સે. ૩૦ના તેમના નિવાસસ્થાનેથી સાયકલ ચલાવી કોર્પોરેશન પહોંચ્યા હતા.

કોર્પોરેશન પર પહોંચેલા મેયર શ્રી રાણાનું ગુડાના ચેરમેન અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી, કોર્પોરેશનના સેક્રેટરી શ્રી પિનાકીન જોશી તથા અન્ય અધિકારીઓએ આવકાર્યા હતા. હરક્યુલસ કંપનીની સાયકલ પર મેયરશ્રી રાણા સવાર થઈ ચ-રોડ પરથી ઘ-રોડ પર જઈ, કલેક્ટર ઓફિસ પાસેથી પાંચેક કિ.મી. જેટલી ચલાવી અને કોર્પોરેશન પહોંચ્યા હતા.

મેયરશ્રી રાણાએ કહ્યુ હતુ કે સાયકલ ઘણા વખત પછી આટલા રૂટ પર ચલાવી. જો કે તેઓએ સાયકલ ખરીદી ત્યારે બે દિવસ તેના પર નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોમાં સાયકલ ચલાવી અને પ્રેક્ટીસ કરી લીધી હતી. જો કે આજે આટલી લાંબા અંતર સુધી સાયકલ ચલાવ્યા પછી થાક નહિ લાગ્યાનું પણ તેમણે કહ્યું હતું.

જાહેર જનતાને અપીલ રાજ્ય સરકારના અધિકૃત સર્વેયર દ્વારા મોજણી/સર્વે

બારકોડેડ રેશનકાર્ડ ધારકો જોગ સંદેશ

સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા તથા સબસીડીવાળા અનાજ તેમજ ચીજવસ્તુઓ સરળતાથી મળી શકે તે માટે સાબરકાંઠા જિલ્લાના બારકોડેડ રેશનકાર્ડ ધારકોના બારકોડેડ રેશનકાર્ડ સર્વેનો કાર્યક્રમ

સર્વેયરને નીચે મુજબની માહિતી અવશ્યઃ-
- બારકોડેડ રેશનકાર્ડ - ગેસ કનેકશનની વિગત
- ચૂંટણી ઓળખકાર્ડ - બેંક ખાતાની માહિતી
- આધારકાર્ડ - બી.પી.એલ.નંબર
- મનરેગા જોબ કાર્ડ - મોબાઇલ નંબર

નોંધઃ માહિતી ખાનગી રાખવામાં આવશે. ઉપરના ઓરીજનલ ડોકયુમેન્ટ બારકોડેડ કાર્ડધારકે પરત મેળવી લેવા. કલેક્ટર કચેરી, પુરવઠા શાખા, સાબરકાંઠા હિંમતનગર

# સિગ્નેચર બ્રિજના નિર્માણ અન્વયે ૭ ગાળાનું કામ પૂર્ણ

## બ્રિજનું કામ પૂર્ણ થતા હજુ ૬ મહીના જેટલો સમય લાગશે

ગાંધીનગર, તા.૧૦

સાબરમતી નદી પર ગીફટ સીટીને જોડતા સિગ્નેચર બ્રિજના નિર્માણનું કામ પ્રગતિ હેઠળ છે. નમૂનારૂપ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૭૨ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. અત્યાર સુધી બ્રિજ માટે જરૂરી ૧૬ સ્થાન પૈકી ૭ ગાળા તૈયાર કરી દેવાયા છે. સિગ્નેચર બ્રિજનું કામ પૂર્ણ થતાં હજુ ૬ મહીનાનો સમય લાગે તેમ છે.

ગીફટ સીટી તેમજ રાયસણ ઈન્સ્ટીટયુટ ઝોનને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ સપ્ટેમ્બર ૨૦૧૩માં શરુ કરવામાં આવ્યું હતું. નમૂનારૂપ સિગ્નેચર બ્રિજના નિર્માણ પાછળ અંદાજિતરૂ. ૭૨ કરોડનો ખર્ચ થશે. સિગ્નચેર બ્રિજનું કામ માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ હજુ આ કામગીરી પૂર્ણ થતા સમય લાગશે. અલબત્ત આગામી ૬ મહીનામાં બ્રિજનું કામ પૂર્ણ થાય તેવી સંભાવના છે. સિગ્નેચર બ્રિજની કામગીરી અન્વયે કુલ ૧૫ પીચર અને ૨ એબટમેન્ટ તેમજ ૪૧.૮૦ મીટરના ૧૬ ગાળા તૈયાર કરવા તબક્કાવાર કામ ચાલી રહ્યું છે. અત્યાર સુધી બ્રિજ નિર્માણ અન્વયે ૬ ગાળા તૈયાર કરી દેવાયા છે. ૭મા સ્થાનનું કામ ચાલુ છે. સિગ્નેચર બ્રિજના નિર્માણ અન્વયે અંદાજિત રૂ. ૪૫ કરોડનો ખર્ચ કરી દેવાયો છે. ૬૬૮.૮૦ મીટરની લંબાઈ ધરાવતા સિગ્નેચર બ્રિજ અસ્તિત્વમાં આવ્યા બાદ અમદાવાદ-દહેગામ અને હિંમતનગર જવા માટે પણ સીધો રસ્તો ઉપલબ્ધ થશે. સિગ્નેચર બ્રિજનું નિર્માણ થયા બાદ આ વિસ્તારની રોનક બદલાઈ જશે.



ગાંધીનગરમાં રખડતી ગાયો અને આખલાઓનો મોટા પ્રશ્ન છે. આખલાઓની લડાઈમાં ક્યારેક વાહનોને નુકશાન થાય છે તો ક્યારેક વસાહતીઓને પણ મુશ્કેલીમાં મુકાવવું પડે છે. શહેરમાંથી રખડતા ઢોરોનો પ્રશ્ન દૂર થાય તેવું સૌ શહેરીજનો ઈચ્છી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

# સરકારી કચેરીઓમાં ત્રણ જાહેર રજાઓ આવતા મીની વેકેશન જેવો માહોલ

ગાંધીનગર, તા. ૧૦

સરકારી કચેરીઓમાં આજથી સળંગ જાહેર રજાઓ આવી રહી હોઈ મીની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો હતો.

રાજ્યમાં એક તરફ ઉનાળો તેનો રંગ અને તાપ દેખાડી રહ્યો છે ત્યારે સરકારી કચેરીઓમાં શનિવાર, રવિવાર અને મંગળવાર એમ ત્રણ દિવસ જાહેર રજાઓ છે. એક માત્ર સોમવારે કચેરીઓ ચાલુ છે. જો આ એક દિવસ કર્મચારી રજા મુકે તો તેને સળંગ ચાર દિવસની રજાનો લાભ મળી શકે તેમ છે. સળંગ ત્રણ રજાઓ આવતાં સરકારી કચેરીઓમાં આજે ખુબજ પાંખી હાજરી કર્મચારીઓની જોવા મળી રહી હતી. આવતીકાલથી સરકારી કચેરીઓમાં ત્રણ દિવસની જાહેર રજાઓ આવતી હોઈ કચેરીઓમાં ઉનાળાની રજા ગાળવા માટે મીની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

દિવસે ને દિવસે તાપમાનનો પારો ઉંચે જતા ગરમીએ જોર પકડ્યું છે અને કાળઝાળ ગરમી પડતા નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે. દિવસે લોકો ઘર અને કચેરીની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે.

# સે-૧માં તળાવની સાથે ફૂડકોર્ટ પણ ખાલીખમ : ટેન્ડર અટવાયું

## સ્વર્ણિમ પાર્કમાં પણ દુકાનો ભાડા પેટે ફાળવી શકાઇ નથી



ગાંધીનગર, તા.૧૦

એક દાયકાના અંતે પણ સે ૧ના તળાવની વિકાસ યોજના હજુ સાકાર થઇ નથી. તળાવમાં પાણી નથી જયારે ખાલીખમ તળાવની નજીક સ્થિત ફુડકોર્ટનું પણ હજુ ઠેકાણું પડયું નથી.ચાર મહીનાના અંતે પણ ફૂડકોર્ટ શરુ થઇ શકી નથી.બીજીતરફ સ્વર્ણિમ પાર્કમાં પણ ફૂડકોર્ટની દૂકાનો ભાડે ફાળવવામાં વિલંબ થઇ રહયો છે.જેના લીધે સહેલાણીઓને પણ હાલાકી વેઠવી પડે છે.

સે ૧નું તળાવ વિકસાવવાની યોજના દાયકાના અંતે પણ પૂર્ણ થઇ શકી નથી.ત્રણ ટૂકડામાં તળાવ તૈયાર કરવાનુ કામ પુરુ થયું છે.પરંતુ તળાવને પીકનીક સ્પોટ બનાવવાની વાતને હજુ અંજામ આપી શકાયો નથી.તળાવ આસપાસ ભવ્ય ઉધાન તૈયાર કરી દેવાયો છે.આ ઉપરાંત સહેલાણીઓ માટે ફૂડકોર્ટ પણ તૈયાર કરવામાં આવી છે. પરંતુ લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફૂડકોર્ટને લાબા સમયના અંતે લોકઉપયોગી બનાવી શકાઇ નથી. ફૂડકોર્ટની પાંચ દુકાનો વર્ષના અંતે પણ બંધ હાલતમાં છે.તળાવની સાથે ફૂડકોર્ટ પણ ખાલીખમ છે.ગત વાઇબ્રન્ટ સમિટ પૂર્વે ફૂડકોર્ટને ભાડા પેટે ફાળવવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કની દુકોનો માટે પણ ટેન્ડર પ્રક્રિયા થઇ હતી. આમછતાં લાંબા સમયના અંતે પણ ટેન્ડર આખરી થઇ શકયું નથી.એકબાજુ વેકેશનનો સમયગાળો શરુ થઇ ગયો હોવા છતાં ફૂડકોર્ટનું ઠેકાણું પડયું નથી.ચાર મહિનાના અંતે પણ દુકાનોને ભાડા પેટે ફાળવી શકાઇ નથી.સ્વર્ણિમ પાર્કના વિકાસ માટે કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સે૧ તળાવ પાછળ પણ કરાડો ખર્ચાયા છે. પરંતુ આનુસંગિક વ્યવસ્થાઓ ઉપલ્બધ શકી નથી.


# ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨માં જિલ્લામાંથી એક પણ કોપી કેસ નહીં

ગાંધીનગર, તા.૧૦

ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ ગઈ છે. ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહની સેમેસ્ટર પરીક્ષા દરમિયાન જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો નથી. જિલ્લામાંથી અંદાજિત ૫૬૦૦ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૨ની પરીક્ષા આપી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા લેવામાં આવી હતી જયારે એપ્રિલ મહીનાના પ્રારંભે ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો-૧૦ અને ધો-૧૨ની જેમ સેમેસ્ટર પરીક્ષામાં પણ શિક્ષણ તંત્ર દ્વારા પરીક્ષા સ્થળોએ ટેબલેટ તેમજ સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જિલ્લાના ૨૬ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જયારે ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા આપી હતી. શિક્ષણ તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર પરીક્ષા દરમિયાન જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો નથી. ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા બાદ ધો-૧૧ની કસોટી પણ પૂર્ણ થતા વિદ્યાર્થીઓ પણ હળવા મૂડમાં જોવા મળે છે. પરીક્ષાના ભારમાંથી મુકત થતા શહેરમાં વેકેશનની મૌસમ નિખરી છે. બીજી તરફ પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં પણ શાળાકીય પરીક્ષા ચાલી રહી છે. આગામી સપ્તાહના અંતે શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને વેકેશન પડી જશે.

અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ



સ્વ. અર્જુનસિંહ વાળા
શામળાજી પીએસઆઈ

આપે દેશની રક્ષા કાજે તથા સમાજના ઉદ્ધાર માટે
શહીદી વ્હોરી તે શહીદેને શત શત વંદન

સારાં કર્મોની સુગંધ સદાય રહેશે
મીઠી વાણી હંમેશા યાદ રહેશે
ભલે દેહ અદ્રશ્ય થયો હોય
પરંતુ તમારી યાદ અમારી સાથે રહેશે
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે
એ જ અમારી પ્રાર્થના

લિ.
જીતેન્દ્રભાઈ એલ. પટેલ (બ્યુરો ચીફ અરવલ્લી જીલ્લા)
સમીરખાન એ. બલોચ (અરવલ્લી જિલ્લા ફોટોગ્રાફર)


# ગુજકેટ પરીક્ષાનું ફોર્મ ૧૨ એપ્રિલ સુધીમાં ઓનલાઈન ભરવાનું રહેશે

ગાંધીનગર, તા.૧૦

આગામી ૭ મે નાં રોજ લેવાનાર ગુજકેટની પરીક્ષા માટે માહીતી પુસ્તિકા તેમજ પીન નંબરનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે વિદ્યાર્થીઓએ આવતીકાલે સાંજ સુધીમાં આ માહિતી પુસ્તિકા અને પીન નંબર મેળવી લેવાના રહેશે તેમજ ૧૨ એપ્રિલ સુધીમાં બોર્ડની વેબસાઈટ ઉપર ગુજકેટ-૨૦૧૫ની પરીક્ષાનું ફોર્મ ઓનલાઈન ભરવાનું રહશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના મેડીકલ અને સલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ફરજીયાત એવી ગુજકેની પરીક્ષા આગામી ૭ મે ૨૦૧૫નાં દિવસે લેવામાં આવનાર છે. ત્યારે આ ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ ૨૦૧૫ (ગુજકેટ)ની પરીક્ષા માટેની માહીતી પુસ્તીકા તેમજ પીન નંબરનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓ આવતીકાલે કામકાજના સમય દરમિયાન બોર્ડની ગાંધીનગર તેમજ વડોદરા સ્થિત કચેરી, ઉપરાંત ટી.એન્ડ ટી.બી.હાઈસ્કુલ રાજકોટ ખાતેથી ગુજકેટની માહીતી પુસ્તીકા તેમજ યુઝરી આઈડી અને પાસવડ મેળવી શકશે ત્યાર બાદ ૧૨ એપ્રિલ સુધીમાં ગુજકેટ-૨૦૧૫ ની પરીક્ષાનું ફોર્મ ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈડ પર જઈને ઓનલાઈન ભરી શકાશે. માહિતી પુસ્તીકા અને યુઝર આઈડી મેળવવા માટે દરેક ઉમેદવારો ૩૦૦નો રાષ્ટ્રીયકૃત બેંકનો અમદાવાદ ખાતે ચુકવવા પાત્ર સચિવ, ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ, ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફટ રજૂ કરવાનો રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અદ્યતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com